યુ.પી.એસ.સી.માં ભરતી પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાય આપવા બાબતની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરક્ષ/૧૫૨૦૧૪/ન.બા.-૫૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૧૧/૨૦૧૪.

વંચાણે લીધા:-

આદિજાતિ વિકાસ વિભાગનો તા.૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પરક્ષ/૧૫૨૦૧૪/ન.બા.-૫૫/ગ.

ઠરાવ:-

વંચાણે લીધેલ ઠરાવથી રાજ્યના આર્થિક નબળી સ્થિતિ ધરાવતાં અનુસૂચિત જનજાતિના સ્નાતક/ અનુસ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા આદિજાતિના વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાય આપવા માટેની યોજના અમલમાં મુકવાનું રાજ્ય સરકારે ઠરાવેલ છે, જેને ઉક્ત ઠરાવથી નાણાકીય મંજૂરી મળેલ છે. આ માટે રૂ.૭૫.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજનાની વિગતવાર શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજનાની વિગતવાર શરતો અને બોલીઓ નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનાનો લાભ અનુસૂચિત જનજાતિના જે વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી ભરતી પરીક્ષાની પ્રારંભિક પરીક્ષા પાસ કરે ત્યારે અને મુખ્ય પરીક્ષા પાસ કરે ત્યારે તેઓને સહાય ચુકવવાની રહેશે.

(૨) આ યોજનાનું અમલીકરણ જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.)/ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, ભુજ-ડાંગ દ્વારા કરવાનું રહેશે.

(૩) આ યોજના માટે સહાયની રકમ નીચે મુજબ રહેશે.

| પરીક્ષાનો તબક્કો | કુમાર | કન્યા |
|---|---|---|
| ૧. પ્રારંભિક પરીક્ષા પાસ કર્યેથી | રૂ.૫૦,૦૦૦ | રૂ.૬૦,૦૦૦ |
| ૨. મુખ્ય પરીક્ષા પાસ કર્યેથી | રૂ.૨૫,૦૦૦ | રૂ.૩૦,૦૦૦ |

(૪) આ યોજનામાં આવક મર્યાદાનું ધોરણ રહેશે નહીં.

(૫) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ સરકારશ્રીની તા.૩/૧૧/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી (આ.વિ.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ.

સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવને વેબ સાઈટ ઉપર મુકવાની વિનંતી સહ.

સિલેક્ટ ફાઈલ.